# વિશ્વ એઈડ્સ દિવસની પૂર્વ સંધ્યાએ જી.એસ.એન.પી. પ્લસ દ્વારા ''સામુદાયિક સમાનતા'' વિશેષ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

વિશ્વ એઈડ્સ દિવસ-૨૦૨૧ની પૂર્વ સંધ્યાએ જી.એસ.એન.પી.પ્લસ દ્વારા આ વર્ષના સુત્રને અનુસંધાને ''સામુદાયિક સમાનતા'' વિશેષ કાર્યક્રમ ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રી ઋષિકેશભાઈ પટેલે ૧૦૦ જેટલા એચ.આઈ.વી. પોઝિટીવ વ્યક્તિઓ સાથે વાર્તાલાપ અને પ્રીતિ ભોજન કર્યું હતું.

સમુદાય પ્રતિ સંવેદના વ્યકત કરીને આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે સરકાર દ્વારા સંભવિત લાભો સમુદાય સુધી પહોચાડવા માટે દરેક પ્રકારે મદદ કરવામાં આવશે. સામાજીક અસમાનતાનો અંત લાવવા માટે સરકાર અને સમુદાય કટિબદ્ધ બનીને કાર્ય કરશે. એક જુસ્સા સાથે આપણે સહુ એચ.આઈ.વી./એઈડ્સ જેવા ગંભીર રોગની સામે પણ અડીખમ રહી લડત આપવાની છે.

મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું કે આજનો આ કાર્યક્રમને હૃદયસ્પર્શી કાર્યક્રમ છે. જી.એસ.એન.પી.પ્લસ સમુદાયને દિશા સૂચક બની રહ્યું છે. આ સમુદાય કોઈ અલગ નથી પણ સમાજનો જ એક ભાગ છે. અન્ય લોકો કરતા પણ આપ સૌનું આત્મબળ ખુબ જ અડીખમ છે. એચ.આઈ.વી. એ અકસ્માતથી થયેલ રોગ છે. આજના કાર્યક્રમમાં જે સંવાદ થયો તે ખુબ જ મહત્વનો હતો. કેટલી કઠીન સ્થિતિમાં જીવન જીવતા લોકો પોતાની દરેક સામાજિક સમસ્યાઓથી પર થઈને જીવનને આગળ ધપાવવા માટે આપણે બધા કટિબદ્ધ છીએ. હમદર્દીથી નહિ પણ સંવેદનાથી એચ.આઈ.વી. કાર્યક્રમને પણ મદદ કરવા સરકાર આગળ રહેશે. એચ.આઈ.વી. માટે મળતી સેવાઓ વધુ ઉત્કૃષ્ટ બને તે માટે જે પણ કાર્યવાહી કરવાની થાય છે તે માટેના પ્રયત્નો કરવામાં આવશે. આગામી દિવસોમાં સરકાર આ સંસ્થાના સભ્યો સાથે બેસીને આગળ કામગીરી કરશે.




# રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધારવા પ્રવાસી શિક્ષકોની ભરતી કરાશે : વાઘાણી

ગાંધીનગર, તા. ૧

રાજ્યના પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી જેમાં રાજ્યની વિકાસયાત્રાને વધુ વેગવાન બનાવવા અને જનસુખાકારીના કામોનું સત્વરે આયોજન કરવા માટે મુખ્યમંત્રીએ સૂચનાઓ આપી છે. તેમણે કહ્યું કે રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધે અને બાળકોના શિક્ષણ કાર્યને કોઈ અસર ન પહોંચે તે માટે આગામી સમયમાં પ્રવાસી શિક્ષકની ભરતી કરાશે.

મંત્રી વાઘાણીએ ઉમેર્યું કે શિક્ષણ કાર્યને વેગવાન બનાવવા પ્રવાસી શિક્ષકોની ભરતી કરવા રાજ્ય સરકારે મંજૂરી આપી છે જે હેઠળ મહત્તમ રૂપિયા ૨૭,૦૦૦/-ની મર્યાદામાં આ શિક્ષકોને વેતન અપાશે અને આ શિક્ષકો દરરોજ ૭ તાસ લેશે.

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે સર્વસ્પર્શી - સર્વસમાવેશક બજેટ તૈયાર થાય તેવું નક્કર આયોજન કર્યું છે. તા. ૯ મી ડિસેમ્બર બાદ રાજ્ય સરકારના વિવિધ વિભાગો સાથે નાણામંત્રી કનુભાઈ દેસાઈ બજેટ સંદર્ભે ચર્ચા-વિચારણા કરી બેઠક યોજશે. રાજ્યના નાગરિકોની સુખાકારીમાં વધારો થાય તે હેતુથી કેટલીક નવી વિકાસલક્ષી યોજનાઓ તૈયાર કરવા વિવિધ વિભાગો નાણામંત્રી સાથે બેઠક કરી બજેટને આખરી ઓપ અપાશે.

મંત્રી વાઘાણીએ ઉમેર્યું કે રાજ્યનું નવનિયુકત મંત્રીમંડળ પુરજોશથી જનહિતના કર્યો કરી રહ્યું છે. ત્યારે આ કાર્યોને વધુ ઝડપી બનાવવા મુખ્યમંત્રીએ મંત્રી મંડળને જરૂરી સૂચનાઓ પણ આપી હતી. વાસ્તવમાં નિકાલ થઈ ચૂકી હોય તેવી વિવિધ વિભાગોની કેટલીક ફાઈલો ઓનલાઈન પેન્ડિંગ બતાવતી હોય છે જેનો ઓનલાઈન સત્વરે નિકાલ કરવા મુખ્યમંત્રીએ મંત્રીમંડળને જરૂરી સૂચનાઓ આપી હતી.



પ્રવકતા મંત્રીએ ઉમેર્યુ કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ના સંદર્ભમાં ગુરૂવાર ૨ ડિસેમ્બરે મુંબઈમાં રોડ-શૉ યોજશે. તેઓ ગુરૂવારે સવારે મુંબઈની ધી તાજમહાલ પેલેસ હોટલમાં યોજાનારા રોડ-શૉ પૂર્વે બિઝનેસ લીડર્સ,અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે વન-ટુ-વન બેઠક પણ યોજવાના છે.મુખ્યમંત્રી ત્યારબાદ સવારે ૧૧ કલાકે યોજાનારા રોડ-શૉ માં વાયબ્રન્ટ સમિટ-૨૦૨૨ની વિશેષતાઓ પ્રસ્તુત કરશે. મુખ્યમંત્રી સાથે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા સહિત ગુજરાતના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ સાથે મુંબઈમાં વિવિધ રાષ્ટ્રોના કોન્સ્યુલેટ જનરલની ભોજન બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# જિલ્લા માહિતી કચેરીના કર્મચારી વિનોદ દાણીધરીયાનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧

જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના કર્મયોગી વિનોદ દાણીધરીયાનો વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં આજરોજ તેમનો વિદાય સમારંભ કચેરીના સ્ટાફ દ્વારા યોજાયો હતો.

આ પ્રસંગે નાયબ માહિતી નિયામક પારૂલબેન મણિયારે નાળિયેર અને સાકર આપી સારા સ્વાસ્થ્યપ્રદ નિવૃત્તિ જીવન માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ કચેરીમાં તેમની કામગીરી અને સારા ગુણો વિષયક સ્મૃતિઓ સંભારી હતી. આ ઉપરાંત કચેરીના તેમના સાથી કર્મચારીઓએ દાણીધરીયાને સારા સ્વાસ્થ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે વિનોદ દાણીધરીયાએ જણાવ્યું હતું કે વર્ષ-૧૯૯૧ થી હું માહિતી ખાતામાં જોડાયો હતો. મારી નોકરી દરમ્યાન મેં જયાં નોકરી કરી છે, ત્યાં દરેક માહિતી કચેરીના અધિકારીઓ તથા કર્મચારીઓનો સાથ સહકાર મળ્યો છે, પણ મને આ કચેરીમાં એક પરિવારની હુફ મળી છે. જે હું મારા હવે પછીના જીવનકાળ દરમ્યાન કયારેય આ સ્ટાફ પરિવારનો પ્રેમ ભુલી શકીશ નહિ. કચેરીના સર્વ સ્ટાફ સભ્યોએ દાણીધરીયા સાથેના સ્મરણો વ્યકત કર્યા હતા. કચેરીના સ્ટાફ પરિવારે દાણીધરીયાને સ્મૃતિ ભેટ અને શાલ ઓઢાડી ભાવભરી વિદાય આપી હતી.



જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર ખાતે યોજાયેલ વિદાય સમારંભમાં સીનીયર સબ એડીટર પરિમલ પટેલ, સહાયક અધિક્ષક નયનાબેન પરમાર, જુનિયર કલાર્ક દેવાંગ કાપડિયા, ફોટોગ્રાફર વિનોદભાઈ સોલંકી, પ્રભાકરણ પરમાર, પ્રભાબેન પરમાર, આમીન મનસુરી અને રાકેશજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

# બે જિલ્લામાં એલઆરડીની શારીરિક કસોટી મોકૂફ થઈ

**કમોસમી વરસાદના પગલે લેવાયેલો નિર્ણય : શારિરીક કસોટીની નવી તારીખ પછી જણાવવામાં આવશે**

ગાંધીનગર, તા.૧

રાજ્યમાં પોલીસ ભરતી માટે તૈયારી કરી રહેલા ઉમેદવારો સરકારી નોકરીની આશાએ પોલીસ કોન્સ્ટેબલની ભરતીની રાહ જોઈ રહ્યા હતા. ત્યારે ભરતીની જાહેરાત બહાર પડતાં જ ઉમેદવારોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો ત્યારે રાજ્યમાં કમોસમી વરસાદ વિઘ્ન બન્યો છે.

એલઆરડી ભરતી બોર્ડનાં ચેરમેન હસમુખ પટેલે ટ્વીટ કરીને જાણકારી આપતાં કહ્યું હતું કે કમોસમી વરસાદના કારણે પોલીસ હેડ કવાર્ટર, ભરૂચ તથા SRPF ગૃપ-૧૧, વાવ-સુરત ખાતે પો.સ.ઈ. / લોકરક્ષકની તા.૦૩/૧૨/૨૦૨૧ અને તા.૦૪/૧૨/૨૦૨૧ ના રોજ લેવાનાર શારિરીક કસોટી મોકુફ રાખવામાં આવેલ છે. ઉમેદવારોને શારિરીક કસોટીની નવી તારીખ હવે પછી જણાવવામાં આવશે.

કમોસમી વરસાદના કારણે પોલીસ હેડ કવાર્ટર, ભરૂચ તથા SRPF ગૃપ-૧૧, વાવ-સુરત ખાતે પો.સ.ઈ. / લોકરક્ષકની તા.૦૩/૧૨/૨૦૨૧ અને તા.૦૪/૧૨/૨૦૨૧ ના રોજ લેવાનાર શારિરીક કસોટી મોકુફ રાખવામાં આવેલ છે. ઉમેદવારોને શારિરીક કસોટીની નવી તારીખ હવે પછી જણાવવામાં આવશે. #LRD_ભરતી રાજ્યભરમાંથી ૯ લાખ ૩૨ હજાર ઉમેદવારો શારિરિક પરીક્ષા આપવાના છે. જેના માટે રાજ્યમાં ૧૫ સ્થળોએ ૩ ડિસેમ્બરથી શારીરિક પરીક્ષા શરૂ થશે. એક ગ્રાઉન્ડ પર એક દિવસમાં ૧૨૦૦ થી ૧૫૦૦ ઉમેદવારોની શારીરિક પરીક્ષા લેવાશે. ૩ ડિસેમ્બરથી શરૂ થનાર શારીરિક પરીક્ષા જાન્યુઆરી સુધી ચાલશે. જોકે, સાથે જ સૂચના અપાઈ છે કે, રવિવારના દિવસે શારીરિક પરીક્ષા નહીં લેવામાં આવે. જોકે, PSI અને LRD બંને ભરતી માટે એક જ દોડ હોવાથી બંને ફોર્મ ભરનાર ઉમેદવારની પહેલા શારીરિક દોડની પરીક્ષા લેવાશે.

# ગુજરાત ઉપર વધારે એક વાવાઝોડાનો તોળાતો ખતરો

**શનિવારે આંધ્રપ્રદેશ અને ઓરિસ્સામાં તોફાન આવશે : જવાદ વાવાઝોડાના અસરના ભાગરૂપે માછીમારો એલર્ટ, તેઓને સુરક્ષિત કાંઠા પર પરત ફરી દેવામાં કહેવાયું છે**

અમદાવાદ,તા.૧

બંગાળની ખાડીમાં બની રહેલ દબાણને કારણે ફરીથી વાવાઝોડાનું સંકટ માથા પર મંડરાયુ છે. આંધ્રપ્રદેશ અને ઓરિસ્સા પર ચક્રવાતી તોફાન આવી રહ્યું છે. બંગાળની ખાડીમાં એક તોફાન આકાર લઈ રહ્યુ છે, જે ૪ ડિસેમ્બર એટલે કે શનિવાર સુધી આંધ્રપ્રદેશ, ઓરિસ્સાના દરિયા કિનારો પહોંચી જશે. જેને જવાદ વાવાઝોડુ નામ આપવામાં આવ્યું છે. થોડા સમય બાદ આ ચક્રવાતી તોફાનનું રૂપ લઈ લેશે. જેની અસર ગુજરાતમાં થશે. જવાદ વાવાઝોડાના અસરના ભાગરૂપે માછીમારોને એલર્ટ કરી દેવાયા છે. હાલ તેઓને સુરક્ષિત કાંઠા પર પરત ફરી દેવામાં કહેવાયુ છે. બંગાળની ખાડીમાં હલચલને કારણે મોસમ વિભાગે આજથી ચાર દિવસ ઓરિસ્સા અને આંધ્રપ્રદેશમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. આ ઉપરાંત મોસમ વિભાગે પણ મુંબઈમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. મોસમ વિભાગે માહિતી આપતા જણાવ્યું કે, થાઈલેન્ડ અને તેના આસપાસના વિસ્તારોમાં બુધવારે સવારે દબાણનું વાતાવરણ બનશે. આ દબાણ ક્ષેત્ર આગામી ૧૨ કલાકમાં અંદમાન સાગર સુધી પહોંચવાની શક્યતા છે. તેના બાદ તે પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ તરફ વધતા ૨ ડિસેમ્બરના રોજ દક્ષિણ-પૂર્વ તથા નજીકના ખાડીના મધ્ય ભાગમાં પહોંચી શકે છે. તેના બાદ ૪ ડિસેમ્બર, શનિવારની સવારે ઉત્તરી આંધ્રપ્રદેશ-ઓરિસ્સાના દરિયાકાંઠે ટકરાવાની શક્યતા છે. આ દબાણને કારણે ઓરિસ્સાના દરિયા કાંઠે ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. ૨ ડિસેમ્બરના રોજ ગુજરાત, અને ઉત્તરી મધ્ય મહારાષ્ટ્રમાં અલગ અલગ જગ્યાએ ભારે વરસાદ થવાની શક્યતા છે. બીજી તરફ, કમોસમી માવઠાને લઈને ગુજરાતમાં મોટા સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગ દ્વારા ૧ અને ૨ ડિસેમ્બર માવઠાની આગાહી કરાઈ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં પલટો આવવાના છે. જેથી ૨ ડિસેમ્બર બાદ ગુજરાતમાં તાપમાન વધુ ગગડી શકે છે. ૧ અને ૨ ડિસેમ્બર ખેડૂતોને પાક સુરક્ષિત જગ્યા પર મુકવા હવામાન વિભાગે સૂચન આપી છે. ૩ ડિસેમ્બર સુધી દરિયો ન ખેડવા માછીમારોને સુચના અપાઈ છે. ૨ દિવસ સૌરાષ્ટ્ર કચ્છમાં વરસાદી વાતાવરણ રહેશે. તો સાઉથ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ગામોમાં પણ ભારે વરસાદ રહેશે તેવુ હવામાન વિભાગે જણાવ્યું છે. આ બાદ આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધશે.

## ભર શિયાળે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદી છાંટણા થતા સેકટરોમાં માટીના ભીંજારા સાથે અનોખી ઠંડક પ્રસરી હતી. આજે ગઈકાલની સાપેક્ષમાં પણ લઘુત્તમ તાપમાન બે ડીગ્રીના તફાવત સાથે ૧૮.૫ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ તે મુજબ ઠંડીનુ જોર ઘટયુ હતુ પરંતુ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી વાયરાથી જનજીવન પ્રભાવિત થયુ હતુ.

જેના લીધે દિવસ દરમિયાન પણ સતત શીતલહેરના લીધે નગરજનોએ કોલ્ડવેવનો અનુભવ કર્યો હતો. સવારથી જ હવામાન પલ્ટાના લીધે શહેરીજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જો કે રાત્રિનુ તાપમાન ૧૮.૫ ડીગ્રી રહ્યુ હતુ પરંતુ દિવસનુ તાપમાન એક જ રાતમાં ૯ ડીગ્રી સુધી ઘટી ગયુ હતુ જેના લીધે મહત્તમ તાપમાનનો પારો ૨૩ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો હતો. જેથી દિવસે નગરજનોએ ઠંડી અનુભવી હતી. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ માત્ર ૪.૫ ડીગ્રીનો જ તફાવત રહ્યો હતો.

આ ઉપરાંત ભેજનુ પ્રમાણ પણ ૭૯ થી ૮૮ ટકા સુધી પહોંચી ગયુ હતુ. મહત્તમ તાપમાનમાં ગિરાવટ અને વધતા ભેજના પ્રમાણની સાથે વરસાદી છાંટણાના લીધે નગરજનોએ આકરી ઠંડી અનુભવી હતી. દિવસ દરમિયાન ૦.૫ મી મી વરસાદ વરસ્યો હતો. વરસાદી છાંટણાના લીધે સેકટરોમાં ભીંજારો જોવા મળ્યો હતો. શહેરીજનોએ પણ શિયાળાની ઠંડીની ઋતુમાં મોસમના બદલાતા મિજાજને માંણ્યો હતો. નગરનો નઝારો નિખરતી હરિયાળી વચ્ચે હિલ સ્ટેશન જેવો બની ગયો હતો. સાંજના સમયે પણ વરસાદી વાતાવરણ યથાવત રહ્યુ હતુ. હવામાન વિભાગના જણાંવ્યા મુજબ આજે પણ માવઠાની સંભાવના છે. ઠંડીની મોસમ હજુ જામી નથી ત્યાં ભર શિયાળે ચોમાસા જેવા દ્રશ્યો જોવા મળતા મોસમનો મિજાજ શહેરીજનોમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.

## લાગણીનો મેળો ● અનુસંધાન ૪નું ચાલુ...

અનુસંધાન ૪નું ચાલુ...

નથી તે જીવતે જીવ પોતાની જ કબરમાં ધરબાયેલો જ ગણાય... ઘર-સમાજ-પરિવારમાં પોતાની આદર્શ ભૂમિકા ભજવીએ... એ જોઈ બીજાએ શીખે... અનુસરે... જે છો તે પાત્ર ઉત્તમ રીતે ભજવી છૂટીએ એમાં જ ખરી સફળતા. કોઈના વિશે કશું ગાયા વિના, ટીકા-ટિપ્પણ કે નગોદાઈ કર્યા વગર સૌને પ્રેમનો પાશ લગાડો... સંજોગોનો સામનો કરો... કવિ વેણીભાઈપુરોહિતના શબ્દો હૈયે ધરો...

'દશા પર દાઝનારા ને દસા પર દૂઝનારાઓ,
નથી હોતા ખુમારીથી જીવનમાં ઝૂઝનારાઓ.
દશા તો છે સડક જેવી, સડક ચાલી નથી શકતી,
સડકને ખૂંદનારાને સડક ઝાલી નથી શકતી.

**સ્પર્શમણિ :**

વેચી નાખે એવા તો ઘણાય છે આ જગતમાં, કોઈ તમારા માટે ખર્ચાઈ જાય એની કિંમત કરજો...!

● ●

અહંકારના ઓડકાર ખાનારને કયારેય લાગણીનું ભોજન પચતું નથી.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# ગુજરાતના વાતાવરણમાં સવારથી પલટો જોવા મળ્યો

**અમદાવાદમાં વહેલી સવારે વરસાદ : અમદાવાદની સાથે વહેલી સવારે સુરત, વડોદરા, પંચમહાલ સહિતના જિલ્લાઓમાં પણ કમોસમી વરસાદ**

રાજ્યના હવામાન વિભાગ દ્વારા આજે ૧ અને ૨ ડિસેમ્બરના રોજ પવન સાથે માવઠાની આગાહી કરવામાં આવી છે. જેની અસર આજે વહેલી સવારથી સુરત, અમદાવાદ, વડોદરા, પંચમહાલ સહિતના જિલ્લાઓમાં દેખાઈ હતી. અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં વહેલી સવારે ૬ વાગ્યેથી ધીમી ધારે વરસાદી ઝાપટું પડયુ હતું. પવન સાથે વરસાદી ઝાપટું પડ્યા હતા. હવામાન વિભાગની આગાહીના પગલે, અમદાવાદ શહેરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. વહેલી સવારે ૬ વાગ્યાની આસપાસથી શહેરમાં વરસાદી માહોલ છવાયો હતો. પવન સાથે માવઠું થતા શહેરીજનો ઠુઠવાયા હતા. શહેરના વિવિધ વિસ્તારો જેવા કે, ગોતા, પ્રહલાદનગર, શિવરંજની, વસ્ત્રાપુર, બોપલ, બોડકદેવમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક વધી છે. હાલ પણ શહેરનું વાતાવરણ વાદળછાયું છે. અમદાવાદની સાથે વહેલી સવારે સુરત, વડોદરા, પંચમહાલ સહિતના જિલ્લાઓમાં પણ કમોસમી વરસાદ પડ્યો હતો. સુરતમાં મંગળવારે પણ દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ મોડી રાત્રે અનેક વિસ્તારોમાં સામાન્ય વરસાદ વરસ્યો હતો. આજે, બુધવારે શહેરમાં અડધાથી અઢી ઈંચ સુધીનો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં પણ મંગળવારે બપોર બાદ અનેક જગ્યાએ માવઠું થયુ હતુ. ઊના અને ગીરગઢડા પંથકનાં અમુક વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. આ વરસાદથી શિયાળુ પાક ઉપરાંત આંબાનાં બગીચાઓમાં વ્યાપક નુકશાન થઈ શકે છે. જેથી ખેડૂતો પણ ચિંતીત બન્યા છે. ૨ ડિસેમ્બરના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટા ઉદેપુર અને નર્મદામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો અન્ય જિલ્લામાં સામાન્યથી મધ્યમ વરસાદ સાથે ૪૦ થી ૬૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

# કચ્છ રણોત્સવમાં ડોમેસ્ટિક પ્રવાસીઓનો ધસારો વધ્યો

સદીનાં મહાનાયક અમિતાભ બચ્ચન કહે છે, 'કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા'.એટલે ફક્ત દેશનાં જ લોકો નહીં પણ વિદેશથી પણ લોકો રણોત્સવમાં જોવા આવે છે. ચાલુ વર્ષ રણોત્સવ ચાલુ થઈ ગયો છે. પરંતુ આ વર્ષે વિદેશી મહેમાનો આવ્યા નથી.અને વિદેશી આવતા પ્રવાસીઓનું કોઈ એડવાન્સ બુકીંગ પણ નથી.એક કારણ છે કે રેગ્યુલર ઈન્ટરનેશનલ ફલાઈટ ચાલુ થઈ નથી.બીજું કારણ છે કોરોનાનો કેર, જેમાં પણ હાલમાં નવો વેરિયન્ટ આવ્યો છે. જેના કારણે રણોત્સવમાં વિદેશી આવ્યા નથી. જો કે દર વર્ષે રણોત્સવમાં ૫ થી ૬ લાખ પ્રવાસીઓ સફેદ રણ અને કચ્છની સાંસ્કૃતિ જોવા આવે છે. અને ૫ થી ૬ લાખ પ્રવાસીઓમાંથી ૨૮ થી ૩૦ ટકા વિદેશી પ્રવાસીઓ આવે છે.પરંતુ ચાલુ વર્ષે રણોત્સવમાં વિદેશી આવતા પ્રવાસીઓનું હજુ સુધી કોઈ બુકીંગ થયું નથી. ટ્રાવેલ એજન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયાનાં ચેરમેન મનીષ શર્માએ જણાવ્યું હતું કે રણોત્સવ શરૂ થઈ ગયો છે.અને મોટી સંખ્યામાં ડોમેસ્ટિક પ્રવાસીઓનો ધસારો આવી રહ્યો છે. પરંતુ વિદેશી પ્રવાસીઓ આવ્યા નથી તેમને આશા હતી કે ડિસેમ્બર અને જાન્યુઆરીમાં વિદેશી પ્રવાસીઓ આવશે.પરંતુ હવે નવો કોરોનાનો વેરિયન્ટ આવી ગયો છે. જેના કારણે પણ વિદેશથી પ્રવાસીઓનું કોઈ એડવાન્સ બુકીંગ પણ આવ્યું નથી. જોકે, ડોમેસ્ટિક પ્રવાસીઓની સંખ્યા વધી છે. અને ડિસેમ્બર એન્ડમાં ફૂલ બુકીંગ થયું છે.જો કે દર વર્ષે ૫ થી ૬ લાખ પ્રવાસીઓ રણોત્સવમાં આવે છે જેમાંથી ૨૮ થી ૩૦ ટકા વિદેશી પ્રવાસીઓ છે જેના કારણે વિશ્વનો સૌથી ફેમસ ફેસ્ટિવલ બન્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ